ખુબજ અગત્યનું /સમય મર્યાદા
જા.ન/મા-૫/કોર્ટ મેટર /માહિતી /૨૦૨૦/ 9508

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. 6 /૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉ.મા.શાળાઓ તરફ

૨/-મેં,સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ,કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરના ના પત્ર ક્રમાંક-ધ/પેન-૩/ચિત્ર શિક્ષક /કોર્ટ મેટર/માહિતી /૨૦૨૦ /૧૮૦૩૦-૩૫ તા.૨૫-૦૯-૨૦૨૦ નાં પત્ર સંદર્ભે જે શાળામાં ચિત્રશિક્ષકોએ પગાર ધોરણ બાબતે નામ.હાઈકોર્ટ'સમક્ષ SCA દાખલ કરેલ છે,તેવા ચિત્ર શિક્ષકોની માહિતી સામેલ નિયત નમુના પત્રકમાં (કોલમ-૧ થી ૧૨) મુજબ ભરી ૩ (નકલ) માં આધારો સાથે તા.૦૮/૧૦/૨૦૨૦નાં રોજ કલીપ ફાઈલમાં રૂબરૂ રજુ કરવા જણાવવામાં આવે છે.(જે શાળામાં માહિતી શૂન્ય હોય,તેવી શાળાઓએ માહિતી આપવાની રહેતી નથી )

સદર માહિતી કોર્ટમેટરને ધ્યાને લઇ અગ્રતા આપવાની રહેશે, આ માહિતી ઉપરોક્ત તારીખે રજુ નહિ કરવામાં આવે તેવા સંજોગોમાં જે કાઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.જેની નોંધ લેવી.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

Scanned with CamScanner

કોર્ટમેટર/અગત્યનું/સમયમર્યાદા

ક્રમાંક-ઘ/પેન-3/ચિત્રશિક્ષક/કોર્ટમેટર/માહિતી/૨૦૨૦/૧૬૦૩૦-૩૫.

નિયામક શાળાઓની કચેરી
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૫/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લો – આણંદ, વલસાડ, સુરત, બનાસકાંઠા, છોટાઉદેપુર.

**વિષય:–** બિનસરકારી માધ્યમિક શાળાઓના ચિત્રશિક્ષક દ્વારા તેઓના પગારધોરણ અંગે નામ.હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ એસ.સી.એ. બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાના તાબા હેઠળની બિનસરકારી માધ્યમિક શાળાઓના ચિત્રશિક્ષકો દ્વારા નામ.હાઈકોર્ટ સમક્ષ તેઓના પગારધોરણ અંગે દાદ માંગેલ છે. જે અન્વયે નીચે મુજબના જરૂરી આધારો બે નકલમાં કેસ અંગેના આપના સ્પષ્ટ અભિપ્રાય સહિત મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | નામ.હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ SCA No. | |
| ૨ | અરજદારનું નામ અને હોદ્દો | |
| 3 | શાળાનું નામ | |
| ૪ | ચિત્ર શિક્ષક ભરતી એન.ઓ.સી. દરખાસ્ત અને મંજુરી | |
| ૫ | વર્તમાનપત્રમાં આપેલ જાહેરાત | |
| ૬ | ભરતી પ્રક્રીયાની વિગત | |
| ૭ | જિ.શિ.અ.શ્રી દ્વારા મળેલ બહાલી જને કાયમી બહાલી | |
| ૮ | જરૂરી લાયકાત અને અરજદારે મેળવેલ લાયકાત | |
| ૯ | નિમણુક હુકમ, હાજર હુકમ, ચિત્રશિક્ષક તરીકેના વર્કલોડની વિગત | |
| ૧૦ | હાલની ફરજ અને વર્કલોડની વિગત | |
| ૧૧ | નિમણુક તારીખનું પગારધોરણ અને ત્યારબાદ વખતોવખત આપવામાં આવેલ પગારધોરણની વિગત | |
| ૧૨ | કેસ સંબંધિત સરકારશ્રીના નિયમોનુસાર આપનો સ્પષ્ટ અભિપ્રાય | |

**કોર્ટમેટરના કિસ્સાને ધ્યાને લઈ સદર બાબતને ટોચઅગ્રતા આપી માહિતી જરૂરી આધારો સહ સત્વરે રજુ કરવા આથી જણાવવામાં આવે છે.** અન્યથા વિલંબ અંગેની સંપુર્ણ જવાબદારી આપની કક્ષાની રહેશે જેની ખાસ નોંધ લેવી.

(એચ.એમ. આચાર્ય)
નાયબ નિયામક(માધ્યમિક)

Scanned with CamScanner